પ્રકાશકઃ એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૦૯ • પોષ વદ પાંચમ, સંવત ૨૦૬૫

# એનઆરજી રાજ્ય

પાક્ષિક




## વાયબ્રન્ટ ગુજરાત મેગા એક્ઝીબિશનનું ઉદ્‌ઘાટન કરતા મુખ્ય મંત્રીશ્રી

### જાપાનની ગુજરાત સાથેની ભાગીદારી વિકાસ માટે ટર્નિંગ પોઈન્ટ




અમદાવાદ, રવિવાર : મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે સાયન્સ સિટીમાં ''મેગા એક્ઝીબિશન-૨૦૦૯''નું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતની વ્યાપાર-વાણિજ્યની પ્રતિષ્ઠાની પરંપરામાંથી ગુજરાતની શક્તિ મેન્યુફેક્ચરીંગ સ્ટેટમાં પરિવર્તીત થઇ છે. ગુજરાત મેન્યુફેક્ચરીગ સેકટરમાં ચીન સાથે સીધી સ્પર્ધામાં ઉતરવા સક્ષમ છે અને જાપાન જેવી એશિયાની આર્થિક સત્તાની ગુજરાતમાં ભાગીદારી એ ગુજરાતની વૈશ્વિક શાખ માટેનો ટર્નિંગ પોઈન્ટ બની રહેશે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટની પૂર્વ સંધ્યાએ આજે સાંજે મુખ્ય મંત્રીશ્રીએ સાયન્સ સિટીમાં મેગા એક્ઝીબિશન-૨૦૦૯નું ઉદ્‌ઘાટન કર્યું હતું. ૧૯૧૦૦ ચો.મી.ના વિશાળ ક્ષેત્રમાં અદ્યતન ટેકનોલોજીનો વિનિયોગ કરીને આ મહાપ્રદર્શનમાં ગુજરાતના ભાવિ વિકાસની અસીમ સંભાવના વૈશ્વિક દૃષ્ટિકોણ અને ગ્લોબલ વિઝનની પ્રેરણા નવી પેઢીને આપશે. *(અનુસંધાન પાના નં. ૨)*

## ગુજરાતનો પતંગોત્સવ પ્રવાસન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીયકક્ષાએ માન્યતા પ્રાપ્ત કરી રહ્યો છેઃ પ્રવાસન મંત્રી શ્રી જયનારાયણ વ્યાસ



- **૩૦ દેશોના ૮૨ પતંગ સ્પર્ધકો**
- **મલેશિયામાં પતંગોને નામ અપાય છે**
- **ઇઝરાયેલના રાલ્ફ રેસ્નીક ત્રીજી વાર અને ફ્રાન્સના પીરેરે પાંચમી વાર ગુજરાત પધાર્યા**

અમદાવાદના પોલીસ સ્ટેડીયમ ખાતેના વિશાળ મેદાનમાં પ્રવાસન મંત્રી શ્રી જયનારાયણભાઇ વ્યાસે આજે ઉત્સાહપૂર્વકના વાતાવરણમાં ''ઇન્ટરનેશનલ કાઇટ ફેસ્ટીવલ-૨૦૦૯'' નો રંગબેરંગી વાતાવરણમાં શુભારંભ કર્યો હતો. આ સ્પર્ધામાં ૩૦ દેશના ૮૨ સ્પર્ધકોએ તથા ભારતના સાત રાજ્યોમાંથી આવેલા ૧૧૭ સ્પર્ધકો સાથે આશરે કુલ ૨૦૦થી વધુ પતંગબાજોએ પોતાની પતંગકલાને અદ્‌ભૂત રીતે પ્રસ્તુત કરી હતી. રંગબેરંગી અને અવનવા પતંગોથી દર્શકોમાં અનેરો ઉત્સાહ જણાતો હતો. મંત્રીશ્રીએ ક્રાફ્ટ બજારને પણ ખુલ્લું મૂક્યું હતું.

પ્રવાસન મંત્રી શ્રી જયનારાયણભાઇ વ્યાસે આ પતંગ સ્પર્ધકોને આવકારી ગુજરાતના અનેરા ઉત્સવમાં પ્રતિવર્ષ પધારવા સ્પર્ધકોને નિમંત્રણ આપ્યું હતું અને જણાવ્યું હતું કે ગુજરાતનો પતંગોત્સવ પ્રવાસન ક્ષેત્રે એક આંતરરાષ્ટ્રીયકક્ષાએ માન્યતા પ્રાપ્ત કરી રહ્યો છે. ગત વર્ષ કરતાં આ વર્ષે ૪૦ ટકા વધુ પતંગબાજો પધાર્યા છે.



પતંગોત્સવના માધ્યમથી ગુજરાતની પ્રગતિને વિશ્વફલક ઉપર મૂકવાનો પ્રયાસ વધુ એક વાર આકાર લઈ રહ્યો છે. ગુજરાત ટુરિઝમ કોર્પોરેશનના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલે પતંગ, સૂર્ય અને સ્વર્ણિમ ગુજરાત આધારિત થીમ પેવેલીયનને તથા ફૂડ કોર્ટને ખુલ્લું મૂક્યું હતું. *(માહિતી ખાતુ, પ્રાદેશિક માહિતી કેચરી, અમદાવાદ. તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૦૯)*

## Indians Constitute The Largest Recipients Of Uk Citizenship In 2006

In view of rising incidents of Indian brides being deserted by their NRI husbands, the Government of India has decided to shortly put in place a system of uniform marriage registration process to curb the practice that has ruined the lives of thousands of women. The registration form is being introduced to easily track overseas grooms who desert their wives and for initiating legal action against them. It will be applicable for marriages registered across the country under any of the three marriage registration acts.

According to figues released by Eurostat, EU's statistics body, more foreigners were granted citizenship in Britain than in any other European Union country in 2006. Of the 154,000 foreign nationals granted British citizenship in 2006, Indians accounted for 15,125, largest from Asia. Pakistan nationals granted British citizenship numbered 10,260. Only a fraction of new Britons came from other EU states.

According to a research based organization, foreigners coming to Britain will account for the bulk of the increase in population, which is expected to rise from 60 million this year to 67 million in 2031. However, it is very likely that thousands of high-net worth people of Indian and other foreign origin will quit Britain following UK policy to levy tax on people with non-domicile status. About 42% of South Asian high-net worth individuals considered nondomicile in the UK are preparing to leave once the change takes effect. (http://www.gopio.net )




# પતંગ ઉડ્ડયનમાં નરેન્દ્રભાઈ મોદીએ નાગરિકો વચ્ચે મોજ માણી

રાજયપાલ શ્રી પંડિત નવલકિશોર શર્મા અને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ મકરસંક્રાંતિનું પર્વ ગુજરાત અને ભારતની પ્રગતિને નવી ઉર્જા પ્રદાન કરશે, એમ આજે અમદાવાદમાં વાયબ્રન્ટ ગુજરાત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ભવ્ય ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું. રાજયપાલશ્રીએ ઉત્તરાયણપર્વની શુભકામના આપતાં જણાવ્યું કે, ગુજરાત ચારે દિશામાં પ્રગતિની ઉંચાઈઓ સર કરી રહયું છે અને ગુજરાતની પ્રગતિથી ભારતના વિકાસની દિશા ગતિમાન બની રહી છે. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વની બધી વ્યવસ્થા ઉપર ગ્લોબલ વોર્મિંગનું સંકટ ઝળુંબી રહ્યું છે ત્યારે સૂર્ય ઉપાસના કરીને, સૂર્યની ગતિ સાથે જીવનની ગતિની ભારતીય સંસ્કૃતિની પરંપરા એક નવી ચેતનાનું આવરણ પેદા કરે છે, તેની ભૂમિકા આપી હતી. મકરસંક્રાંતિ અને ઉત્તરાયણ પર્વ માત્ર ઉત્સવ નથી પણ સૂર્ય-ઊર્જા પ્રત્યે આદરભાવ સર્જે છે તેનો ઉલ્લેખ કરી સૂર્યનમસ્કાર પ્રત્યે ઢોંગી બિનસાંપ્રદાયિકોની જમાત વિરોધ કરે છે તે ભારતની સૂર્યશક્તિ પ્રત્યેની શ્રધ્ધાનો વિરોધ છે તેમ જણાવ્યું હતું. પતંગ ગુજરાતની શાન છે ઉત્સવ વડે નવી ઉંચાઈઓની ઉંચી ઉડાન, પ્રતિકૂળ વ્યવસ્થા અને સામા પવનમાંથી પાર ઉતારવાનું સામર્થ્ય ધરાવે છે, તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ વિશ્વના વિકાસ મંચ ઉપર ગુજરાતનો પતંગ નિર્ધારિત લક્ષ્ય તરફ ગતિ કરી રહ્યો છે. હવાના રૂખની પરવા કર્યા વગર ગુજરાતનો વિકાસ નવી ઉંચાઈઓ સર કરી રહ્યો છે. ''આકાશ અસીમ છે અને ગુજરાતના વિકાસ માટે આકાશ જ પરિસિમા છે'' તેવો વિશ્વાસ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વ્યકત કર્યો હતો.



*(માહિતી ખાતુ, પ્રાદેશિક માહિતી કેચરી, અમદાવાદ. તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૦૯)*



## વાયબ્રન્ટ ગુજરાત મેગા એક્ઝીવિશન...

આ મહાપ્રદર્શનમાં ૧૭ જેટલા દેશો અને ૯૦ આંતરરાષ્ટ્રીય કંપનીઓએ સહભાગી બનીને ૨૨૭ જેટલા સ્ટોલ્સમાં વિકાસના ૧૭ જેટલા સેકટરોની સાફલ્યગાથા અને ભાવિ વિકાસના વ્યૂહ પ્રસ્તુત કરવામાં આવ્યા છે. ગુજરાત સરકારે ગુડ ગવર્નન્સ અને જનશક્તિની આગવી કાર્યસંસ્કૃતિથી વિકાસના ચમત્કારો સર્જ્યા છે અને ગુજરાતની વૈશ્વિક બ્રાન્ડ ઈમેજનું સપનું અને સંકલ્પો સાથે નવા સામર્થ્યની અનુભૂતિ આ એકઝીબિશનની યાત્રાથી થશે. ભારતના સામર્થ્યવાન રાષ્ટ્રના નિર્માણ માટે ગુજરાતની શક્તિ અને ક્ષમતાનું આ પ્રદર્શન છે અને તેમાંથી ગુજરાતનું વૈશ્વિક દર્શન સૌને થશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.



મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેગા એકઝીબિશન સમારોહનું દીપ પ્રગટાવી પ્રારંભ કર્યા બાદ વિશાળ જનસમુદાયના હર્ષનાદો વચ્ચે રિમોટ કંટ્રોલથી મેગા એકઝીબિશનને ખુલ્લું મુકયું હતું. મુખ્ય સચિવ શ્રી ડી. રાજગોપાલને આ મેગા એકઝીબિશનને ઔદ્યોગિક ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં ગુજરાતની સ્વીકૃતિ તરીકે લેખાવ્યું હતું. *(માહિતી ખાતુ, પ્રાદેશિક માહિતી કેચરી, અમદાવાદ. તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૦૯)*

# PM Inaugurates the Pravasi Bharatiya Divas

The Prime Minister, Dr. Manmohan Singh, today inaugurated the Pravasi Bharatiya Diwas 2009 at Chennai. Launching a new initiative called 'The Global Indian Knowledge Network', the Prime Minister said that this network will connect people of Indian origin from a variety of disciplines to users at the national, state and local levels in India. He added that the Network will facilitate transfer of knowledge and serve as a 'virtual think tank' to generate new ideas on issues such as development, education and health-care. The highlights of PBD-2008:

a. Announcement of the setting up of the Prime Minister's Global Advisory Council of PIOs;
b. Announcement of the setting up of the India Development Foundation to channelise the philanthropic propensities of the overseas Indian community.
c. Establishment of a PIO/NRI University to cater to the growing demand for university education in India in many disciplines sought after by children of the Overseas Indian Community - The Manipal Academy of Higher Education Trust has been awarded the task of executing the project, under the supervision of the Ministry of Overseas Indian Affairs;
d. Launching of the Council for Promotion of Overseas Employment, which inter-alia conducts pre-departure orientation programmes and equips the immigrant workforce with the requisite skills and works out bilateral arrangements with countries in need of skilled workforce, with a view to ensure orderly and legal immigration;
e. Launching of the Council for Promotion of Overseas Employment, which inter-alia conducts pre-departure orientation programmes and equips the emigrant workforce with the requisite skills and works out bilateral arrangements with countries in need of skilled workforce, with a view to ensure orderly and legal emigration; *(source: http://www.pbdindia.org)*

Eco-Tourism - Eco-Tourism - Eco-Tourism - Eco-Tourism

# Polo Forest Site, Vijaynagar, Sabarkantha

The Polo Camp site is located in Vijayanagar taluka of Sabarkantha districts and is near to Vanaj Forest area, Harnav River and Damsite. It is 150 km from Ahmedabad and 70 km from Himatnagar. Presently at Polo Campsite Nature Education Camps, Wild Life training and seminars are organized.



The area is biologically rich in flora and fauna and the dense forests and river side provide an excellent opportunity to experience nature.

The area is surrounded with archeologically important Shiv Temple at Sarneshwar, Sadevant Savlings Deras, Surya Mandir, Lakhena Temple, Jain derasar, the ancient Polo Jain Nagri Harnav river, a small perennial stream, rocks & diversified flora and fauna, dense multistoried forests have been attraction to the visitors, tourists, Research scholars, students as well as natural lovers. *(Source : http://gujenvfor.gswan.gov.in)*

## વતનની વાટે........................



શ્રી કિર્તીકુમાર વ્રજલાલ શાહ (મુંબઈ) દ્વારા ગાંધીનગરમાં રસિકલાલ વ્રજલાલ પાર્ક અને વોટર વર્ક્સ માટે રૂ. ૧.૧૭ લાખનું અનુદાન મળેલ છે.